B A O U


**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

"જ્યોતિર્મય" પરિસર,

શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,

છારોડી, અમદાવાદ-૩૮૨ ૪૮૧

E-mail: feedback@baou.edu.in Website : www.baou.edu.in


# સત્રીયકાર્ય જાન્યુઆરી – ૨૦૧૬

## <u>સ્નાતક પદવીઅભ્યાસક્રમ: (BDP)</u>

## પાઠયક્રમશીર્ષક

# AFW,AWR

**ફિચર લેખન :-AFW-01**

**રેડિયો માટે લેખન :-AWR-01**

**અભ્યાસકેન્દ્રને સોંપવાની છેલ્લી તારીખ :-<u>30/06/2016</u>**

નોંધ :-વિદ્યાર્થીઓએનિયત સમય મર્યાદામાંસ્વાધ્યાયકાર્યોઅભ્યાસકેન્દ્ર પર જમા કરાવવાતેમજ મૂલ્યાંકન થયાબાદ મૂલ્યાંકન પત્રક સાથેઅભ્યાસકેન્દ્ર પરથી પરતઅવશ્ય લેવું.

:-જમા કરાવવાનીછેલ્લી તારીખ :- **<u>30/06/2016</u>** પછીવિદ્યાર્થીઓદ્વારા મોકલાવેલ સ્વાધ્યાયકાર્યસ્વીકારવામાંઆવશે નહી.

# સત્રીયકાર્ય માટે આવશ્યક સૂચનાઓ

**પ્રિય વિદ્યાર્થી મિત્રો**

દૂરવર્તી શિક્ષણમાં અભ્યાસ માટે દરેક અભ્યાસક્રમમાં પાઠયક્રમ દીઠ સ્વાધ્યાયકાર્યો રજૂ કરવા ફરજીયાત છે. આ યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૦૮ સુધીના પ્રવેશાર્થીઓ માટે B.A./B.Com ના પ્રથમ વર્ષ, બીજા વર્ષ તેમજ ત્રીજા વર્ષના તમામ અભ્યાસક્રમ/પાઠયક્રમમાં ચાર ક્રેડિટના પાઠયક્રમમાં બે અને આઠ ક્રેડિટના પાઠયક્રમમાં ત્રણ સ્વાધ્યાયકાર્યો તૈયાર કરવાનો નિયમ હતો. એકેડેમીક પ્લાનીગ બૉડની (A.P.B.મંજૂરીથી) ઓગષ્ટ-૨૦૦૯ થી પાઠયક્રમ દીઠ એક-એક સ્વાધ્યાયકાર્ય રજૂ કરવાની નવી પદ્ધતિ શરૂ થયેલ છે. તેથી આપને પાઠયક્રમ દીઠ એક-એક સ્વાધ્યાયકાર્ય જે અભ્યાસ કેન્દ્ર પરથી મેળવવાના હોય અને તેને નિશ્ચિત થયેલ છેલ્લી તારીખમાં સ્વ-અધ્યયનના આધારે તૈયારી કરી, પોતાના અભ્યાસ કેન્દ્ર પર જમા કરાવવાના રહેશે. દરેક સ્વાધ્યાયકાર્ય માટે ૧૦૦ ગુણ નિશ્ચિત છે. જેમાં પાસ થવા માટે ૩૬ ગુણ જરૂરી છે. પરિણામમાં તેનો ભારાંક ૩૦% છે.

આ સત્રીયકાર્યનો મુખ્ય ઉદ્દેશ્ય પરીક્ષા માટેની પૂર્વ તૈયારી છે. સત્રીયકાર્યમાં પૂછવામાં આવેલ પ્રશ્નોનું માળખું પરીક્ષાના પ્રશ્નપત્રો જેવું હોય છે. પ્રશ્નોના જવાબમાં અભ્યાસ સામગ્રીનું પુનરાવર્તન કરવાનું નથી હોતું. તમે વાંચનથી જે શીખ્યા છો, જે સમજ્યા છો, તે પોતાની ભાષામાં લખવાનું હોય છે. જેથી તમે સ્વાધ્યાયકાર્યો તૈયાર કરવાની કામગીરી ગંભીરતાથી કરશો. તમારે પાઠયક્રમના સ્વાધ્યાયકાર્યોમાં પૂછવામાં આવેલ પ્રશ્નોના જવાબ લખતા પહેલા પ્રથમ પાના ઉપર **નીચે મુજબની માહિતી લખવી જરૂરી છે.**

જવાબ માટે કેવળ(ફક્ત) ફૂલસ્કેપ કાગળનો જ ઉપયોગ કરો અને તે કાગળોને વ્યવસ્થિત બાંધવા

દરે જવાબના પહેલા પ્રશ્ન સંખ્યા આવશ્યક (ફરજિયાત) લખો.

સ્વહસ્તાક્ષર માં જવાબ લખો.

નોંધ :- સત્રાંત પરીક્ષા આપતા પહેલા સ્વાધ્યાયકાર્યો જમા કરાવવા ફરજિયાત છે.

અન્યથા (નહિતર) પરીક્ષા આપવામાં આવશે નહીં.

નોંધણી નંબર:-____________________

પૂરું નામ :- ____________________

સરનામું :- ____________________

મોબાઈલ નં :- ____________________

તારીખ :- ____________________

અભ્યાસક્રમ :- ________________________

પાઠયક્રમ :- ________________________

સ્વાધ્યાય સંખ્યા:-________________________

અમે ઇચ્છીએ છીએ કે તમે દરેક સત્રીયકાર્ય અલગ અલગ ચોપડામાં સુંદર ભાષામાં ઉપર દર્શાવેલ મુજબની માહિતી સાથે છેલ્લી તારીખ પહેલા અભ્યાસ કેન્દ્ર પર મોકલી આપશો.

જૂના વિદ્યાર્થીઓ (૨૦૦૮ સુધીના) માટે જૂની પધ્ધતિના સ્વાધ્યાયકાર્યો યુનિવર્સિટીની વેબસાઇટ પર ઉપલબ્ધ છે. જે ધ્યાને લેવું.

**શુભેચ્છા સહ**

# ડૉ. બાબાસાહેબઆંબેડકરઓપન યુનિવર્સિટી

## પાઠયક્રમકોડઃ- AFW-01ઃ-ફિચર લેખન

### સત્રીયકાર્યકોડઃ-AFW-01/AST-01/TMA/2015

### (તમામ પાઠયસામગ્રી પર આધારિત)

**અભ્યાસકેન્દ્રનેસોંપવાનીછેલ્લી તારીખ :-30/06/2016** **(કુલ ગુણ:-100)**

**વિભાગ –ક વિવરણાત્મક શ્રેણીના પ્રશ્નોના જવાબો ૧૫૦૦ શબ્દોમાં આપો.** (૨ x૨૦ =૪૦)

૧ કોઈપણ એક વર્તમાનપત્ર કે સામાયિકમાંથી એક રૂપક વાંચી એની લાક્ષણિકતાઓ નોંધો અને તમે જે રૂપક વાંચ્યું હોય એની ફોટોનકલ સામેલ કરો.

**અથવા**

ફિચર લેખનના ફાયદા જણાવી, ફિચરને વાચનક્ષમ બનાવવા માટે તમે શું શું કરશો? તે જણાવો.

૨ ગ્રંથ સમીક્ષા એટલે શું? તે જણાવી ગ્રંથ સમીક્ષાના વિવિધ પાસાંઓની ચર્ચા કરો.

**અથવા**

મહિલાઓ અંગે લેખનનું મહત્વ જણાવી મહિલાઓ માટે લેખન અને મહિલાઓ અંગેના લેખન વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

**વિભાગ -ખ મધ્યમ શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૦૦૦ શબ્દોમાં જણાવો. (ગમે તે બે)** (૨ x૧૫ =૩૦)

૧ ફિચર એટલે શું? તે સ્પષ્ટ કરી વિવિધ ફિચર લેખકની વિશેષતાઓ જણાવો.

૨ પ્રવાસ લેખન એટલે શું? તે સ્પષ્ટ કરી વિવિધ પ્રકારનાં પ્રવાસલેખન અંગેની ચર્ચા કરો.

૩ ‘ભાડે આપવાનું છેઃ ગર્ભાશય.’ આ ફિચર લેખ માટે તમારી દ્રષ્ટિએ કંઈ સામગ્રીનો ઉપયોગ કર્યો હશે ? તે જણાવો.

૪ પર્યાવરણ લેખોના પ્રકારોની ચર્ચા કરો.

**વિભાગ -ગ નીચે આપેલા પ્રશ્નોના વિશે ટૂંકમાં જવાબ લખો. (ગમે તે ચાર)** (૪ x ૫=૨૦)

૧ ગામડાની મહિલા માટે મહત્વના હોય એવા મુદ્દા ઉપર એક રૂપક લખો.

૨ સાહિત્ય જગતના કોઈપણ એક વ્યકિતનું ચરિત્રચિત્ર તૈયાર કરો.

૩ ગુજરાત સરકારે કચ્છના રણમાં ‘રણોત્સવ’ કેવી રીતે ઉજવ્યો તેનું પત્રકારે કરેલું બયાન જણાવો.

૪ પર્યાવરણ અંગેનો ફિચર એટલે શું?

૫ રૂપક અને સમાચાર લેખ વચ્ચેનો તફાવત જણાવો.

૬ બાળકો માટે લેખનનું મહત્વ જણાવો.

**વિભાગ –ઘ નીચે આપેલા બહુવિકલ્પ પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચા ઉત્તરો લખો.** (૧ x ૧૦=૧૦)

૧ કવિતાના સંદર્ભમાં --------- બાબત મહત્વની ગણાય છે.

(અ)ભાષા (બ) શૈલી (ક) છંદ/અલંકાર (ડ) વ્યાકરણ

૨ ફાહ્યાન અને હ્યુઅન શાંગ એ --------- ધર્મના સાધુઓ હતા.

(અ) જૈન (બ) બૌધ્ધ (ક) ઈસ્લામ (ડ) હિંદુ

૩ નીચેના પૈકી કયું લક્ષણ ફિચર લેખનનું છે?

(અ) વેપારીકરણ (બ) સ્વચ્છતા (ક) કપટતા (ડ) નિખાલસતા

૪ સમાજમાં, દેશમાં અને વિશ્વમાં શું ચાલી રહ્યું છે તેનાથી વાચકોને તટસ્થ રીતે અવગત કરવાનું કામ નીચેના પૈકી કોણ કરે છે ?

(અ) સમૂહ માધ્યમો (બ) વોટ્સઅપ (ક)ઈ-મેઈલ (ડ) વર્તમાનપત્રો

૫ ગ્રંથ-સમીક્ષા કરનાર સમીક્ષક પાસે સૌથી મહત્વનો કયો ગુણ હોવો જોઈએ?

(અ) પ્રામાણિકતા (બ) પક્ષપાતભર્યા (ક) તટસ્થતા (ડ) નિરપેક્ષપણું

૬ ચરિત્રચિત્ર વ્યકિતના જીવનનાં રોજીંદા કાર્યોની વિગોનો અહેવાલ નથી- આ વિધાન સાચું છે કે ખોટું?

૭ રાજીવ ગાંધીના ચરિત્રચિત્રમાં કયા પ્રકારની ભાષાનો ઉપયોગ થયો છે?

(અ) રોજબરોજની (બ) અંલકારવાળી (ક) સંસ્કૃત પ્રચુર (ડ) ગંભીર પ્રકારની

૮ 'વુમન્સ એશ' એ શું છે?

(અ) સ્ત્રીનું નામ (બ) પુરુષનું નામ (ક) સામાયિકનું નામ (ડ) દૈનિકપત્રનું નામ

૯ રીડર્સ ડાઈજેસ્ટ એ કઈ ભાષામાં પ્રગટ થતું સામાયિક છે?

(અ) મરાઠી (બ) ગુજરાતી (ક) સંસ્કૃત (ડ) અંગ્રેજી

૧૦ ચિપકો આંદોલન નીચેના પૈકી કોની સાથે સંબંધ ધરાવે છે?

(અ) ઉદ્યોગો (બ) વિજ્ઞાન (ક) પર્યાવરણ (ડ) રાજકારણ

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

AFW-01

**પાઠયક્રમકોડ:- AWR-01:- રેડિયો માટે લેખન**

**સત્રીયકાર્યકોડ :-AWR-01/AST-01/TMA/2015**

**(તમામ પાઠયસામગ્રી પર આધારિત)**

**અભ્યાસકેન્દ્રને સોંપવાની છેલ્લી તારીખ :- 30/01/2016** **(કુલ ગુણ:-100)**

**વિભાગ-ક વિવરણાત્મક શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૫૦૦ શબ્દોમાં આપો.** (૨×૨૦=૪૦)

૧ જાહેર સેવા ઉદ્‌ઘોષણા એટલે શું? (What is PSA) તે જણાવી વ્યાપારી જાહેરાતો અને જાહેર સેવા ઉદ્‌ઘોષણા વચ્ચેનો તફાવત જણાવો. તથા જાહેર સેવા ઉદ્‌ઘોષણાના વિષયોની ચર્ચા કરો.

**અથવા**

રેડિયો નાટકના સંદર્ભમાં અભિનય અને સંવાદ, શ્રોતા કલ્પના, સંવાદો અને મૂક પ્રહસનની ચર્ચા કરી, રેડિયો માટે નાટકો યોગ્ય છે કે કેમ તે જણાવી, તેનો નિર્ણય લેતી વખતે કઈ બાબતો ધ્યાનમાં રાખશો? .

૧ વિજ્ઞાન અને સામાજીક વિજ્ઞાનના અધ્યપન-અધ્યાપનમાં રેડિયો કઈ રીતે ઉપયોગી થાય છે? તે જણાવી રીતે શિક્ષણના સાધન તરીકે રેડિયોની ભૂમિકા આજના યુગમાં ઉચિત છે ખરી? ચર્ચા કરો.

**અથવા**

અવૈધિક શિક્ષણવ્યવસ્થાના વિદ્યાર્થીઓ માટે રેડિયો વાર્તાલાપના આવશ્યક લક્ષણોની ચર્ચા કરો.

**વિભાગ-ખ મધ્યમ શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૦૦૦ શબ્દોમાં આપો.(ગમે તે બે)** (૨×૧૫=૩૦)

૧ પ્રહસન લોકોને હસાવી શકે? ચેપ્લિનના ઉદાહરણ સાથે આ બાબત સમજાવો.

૨ 'અસહિષ્ણુતા અંગે ભારત સરકારની ચૂપકીદી'-અંગે રેડિયો ઉપર ચર્ચા કરવા માટે સ્ક્રીપ્ટ તૈયાર કરો.

૩ ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની પ્રવેશ જાહેરાત કરવા માટે રેડિયો ઉપરથી જાહેર સેવા ઉદઘોષણા (Current PSA) માટેની સ્ક્રીપ્ટ તૈયાર કરો.

૪ ''પાણીનો બગાડ ના કરો, ભવિષ્યમાં પાણી માટે ભયંકર યુધ્ધો લડાવાના છે''- આ સંદેશો જનસમાજ સુધી પહોંચાડવા માટે રેડિયો ઉપર પી.એસ.એ.માટેની નકલ તૈયાર કરો. (૩૦ સેકન્ડ કેપ્સૂલ)

**વિભાગ-ગ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબો આપો. .(ગમે તે ચાર) (૫×૪ =૨૦)**

૧ યુવાન સ્ત્રી પુરૂષના શ્રોતા જૂથને ધ્યાનમાં રાખી 'આપણા જીવનમાં મોબાઈલ' મુદ્દા ઉપર રેડિયો ફિચર (નિદર્શન) તૈયાર કરો.

૨ 'હવે એક એવી ટૂથપેસ્ટ જે ચમકીલા દાંતની ખાતરી આપે છે'- આ વિજ્ઞાપન પાછળની વ્યૂરચના ટૂંકમાં સમજાવી કોલગેટના ઉત્પાદન માટે એક લીટીની જાહેરાત તૈયાર કરો.

૩ Acup of Tea સાહિત્યકૃતિ રેડિયો રૂપાંતર માટે યોગ્ય છે કે કેમ? ઉદાહરણ સાથે ચર્ચા કરો.

૪ રેડિયોની દૂરવર્તી શિક્ષણમાં ઉપયોગિતા અંગે ચર્ચા કરો.

૫ વિશિષ્ટ પ્રસંગો માટે કોમેન્ટરી અંગે ચર્ચા કરો.

**વિભાગ-ઘ નીચે આપેલા બહુવિકલ્પ પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરીને સાચા ઉત્તરો આપો. (૧×૧૦=૧૦)**

૧ રેડિયો રીસીવરની ગ્રહણશકિતની ગુણવત્તા કોના ઉપર આધાર રાખે છે?

(અ)ચંદ્ર (બ) પર્યાવરણ (ક) પાણી (ડ) સૂર્ય

૨ Frequency Modulation ને ----------- નામે ટૂંકમાં ઓળખવામાં આવે છે.

(અ) )F.M. (બ) S.W. (ક) M.W. (ડ) V.H.F.

૩ અમેરિકન નૌકાદળ બિનતારી સંદેશાવ્યવહાર પધ્ધતિને ----------- નામે ઓળખતા હતા

(અ) ધ રેડિયો ટેલિગ્રાફ (બ) ટેલિગ્રાફ (ક) દૂરવંતી (ડ) નિજવંતી

૪ સમાચારનાં ઘટકો ----------- છે.

(અ) ૨ (બ) ૫ (ક) ૭ (ડ) ૮

૫ તમને કોમવાદમાંથી ધર્મને અલગ પાડવો જોઈએ એ વિષય ઉપર ચર્ચા કરવાનું કામ સોંપવામાં આવે છે, તો તમે કોની પસંદગી કરશો?

(અ) ઉદ્યોગપતિઓની (બ) વિવિધ જ્ઞાતિના લોકોની (ક) વિવિધ કોમના લોકોની

(ડ) વિવિધ ધર્મના આગેવાનોની

૬ બાળકો એકનું એકગીત કે સંગીત વારંવાર સાંભળતા થાકતાં જ નથી- આ વિધાન સાચું છે કે ખોટું?

૭ તમામ વયજૂથના લોકો લાભ લઈ શકે તેવા શિક્ષણને --------- શિક્ષણ કહેવાય છે?

(અ) અવૈધિક (બ) વૈધિક (ક) નિયમિત (ડ) અંગ્રેજીનું

૮ સામાયિકનો અર્થ --------- થાય છે.

(અ) અમુક મહિનાના અંતરે (બ) અમુક સમયના અંતરે (ક) અમુક દિવસ પછી

(ડ) અમુક વર્ષો પછી

૯ The Twelfth night એ કયા સ્વરૂપની કૃતિ છે?

(અ) કવિતા (બ) નવલકથા (ક) નાટક (ડ) આત્મકથા

૧૦ હાસ્ય એ કયા સ્વરૂપની બાબત ગણાય છે?

(અ) સાંસ્કૃતિક (બ) સામાજીક (ક) ભૌગોલિક (ડ) ઐતિહાસિક

---